# ગઝલ રાજ

-રાજેશ મહેતા 'રાજ'

## .૧. (પાન-૧૦૯)

યાદ કરું ને સામે મળવું, ક્યાં સહેલું છે ?
એકબીજામાં એમ ઓગળવું, ક્યાં સહેલું છે ?

ભરચોમાસે બારી પાસે બેસી રહીને,
ચાર ભીંતોની વચ્ચે બળવું, ક્યાં સહેલું છે ?

વરસો પહેલાં ગણગણતી એ ગીત, હવે તો-
તારા હોઠેથી સાંભળવું, ક્યાં સહેલું છે ?

તેં દીધેલા પત્રો મારી પાસે છે, પણ;
રોજે રોજ એ વાચન કરવું, ક્યાં સહેલું છે ?

કોઈ નદીની જેમ તું, અહીંથી ચાલી ગઈ છે,
કાંઠે બેસીને ટળવળવું, ક્યાં સહેલું છે ?

તારા ઘરના ફળીયે, લીલાં તોરણ જોઈને,
અધ્ધવચ્ચેથી આગળવધવું, ક્યાં સહેલું છે ?

## .૨. (પાન-૧૧૧)

એ જ રણ ને, એ ચરણની વાત કર,
હાંફતા, તું એ હરણની વાત કર.

જીંદગીનો સાર સઘળો નીકળે,
કોઈ એવાં અવતરણની વાત કર !

યાદની લાલી ભરી જે આંખમાં,
તું હવે એ જાગરણની વાત કર.

બોલવા ખાતર હવે બસ બોલમાં,
કોંક વેળાં આચરણની વાત કર !

લાખમાંથી એકના હો ભાગ્યમાં,
તું મને એવાં મરણની વાત કર.

## .૩. (પાન-૧૧૩)

શું થયું છે? શું થવાનું? શી ખબર?
હું અને તું ફકત છીએ રાહબર.

બંધ મુઠ્ઠીમાં ઘણું અકબંધ છે,
આપણે કેવા છીએ જો માતબર !

સાચવી લે આવતી હરએક ક્ષણ,
ગૈ હવે, ગઈકાલની ના કર ફીકર

શ્વાસ મારા બસ તને  આપી શકું,
એટલી મુડી બચી છે હાથ પર !

ફકત તારી વાત તું કર્યા કરે,
હું તને જોયા કરું બસ રાતભર !

## .૪. (પાન-૧૧૫)

સાથ તારો છે હવે, બસ ચાલ મીતવા,
શી ખબર કે શા અમારા હાલ મીતવા ?

જીંદગી પણ ગીત થઈને ગુંજશે આ,
આપ મુજને, હરવખત જો તાલ મીતવા.

છું પ્રણયનાં યુદ્ધમાં, પણ હું ડરું ના-
હો ભલે તલવાર, બરછી, ઢાલ મીતવા !

આવને તું અબઘડી મારી કને બસ,
કોણ જાણે શું થવાનું કાલ મીતવા ?

રાહ જોવાની હજી  પણ ક્યાં સુધી કહે ?
વીતશે દીવસો પછી હર સાલ મીતવા.

## .૫. (પાન-૧૧૬)

મને કોઈ યાદ કરે છે, હજી પણ;
સતત શ્વાસમાં એ, ભરે છે હજી પણ.

ડુબે, ઓગળે છે, ને ફેલાય ભીતર,
અને આંખમાં યે, તરે છે હજી પણ.

કોઈ રોમરોમે સતત સળવળે ને-
રગેરગમાં મારી ફરે છે હજી પણ !

થતો જાઉં છું સાવ ખાલી ક્ષણેક્ષણ,
ને ભીતર કોઈ કંઈ ભરે છે હજી પણ !

કથા ખુદની જેણે કસમથી લખી છે,
છતાં આયનાથી ડરે છે હજી પણ.

## .૬. (પાન-૧૨૪)

કોઈ સપનાં તુટવાનો ડર નથી,
જો ધરા છે, આભ છે, ને ઘર નથી !

મોત માટે બંદગી કરવી પડે,
જીંદગી આ એટલી બદતર નથી.

આ કતલમાં એમનો પણ હાથ છે,
હાથમાં એના ભલે ખંજર નથી !

એ જ છે બસ, એ જ રહેશે, અંતમાં,
આ સમય, સંજોગથી કૈં પર નથી !

કોણ બીરબલની કદર કરશે હવે ?
આજના દરબારમાં અકબર નથી !

## .૭. (પાન-૧૨૭)

હજી શ્વાસમાં બેકરારી ભળી છે,
ને પીડા અહીં એકધારી ફળી છે.

છે કાગળ, કલમ ને વીચારો ઘુમે છે,
જુઓ ટાંકણે આંગળી પણ બળી છે !

થીજી ગઈ છે ભીતર નદી એક આખી,
ને આંખોમાં કોઈ શીલા ઓગળી છે !

ભલે ના મળી એક પણ ફુટી કોડી,
મને વારસામાં, ખુમારી મળી છે.

મળી ચાર આંખો અમારી જરી જયાં,
ત્યાં અફ્વાને પાંખો ફુટી નીકળી છે.

-રાજેશ મહેતા 'રાજ'
સંપર્ક : 'શીવાંજલી', ઈ-૩૧૦, શાસ્ત્રીનગર, નાના મવા મેઈન રોડ, રાજકોટ-૩૬૦ ૦૦૫
ફોન : (૦૨૮૧) ૨૩૩ ૧૫૨૫ મોબાઈલ : ૯૮૨૫૨ ૦૯૩૮૦

'શ્રી ગઝલ'-- 'પાંચ કવીઓનો સંયુક્ત ગઝલ સંગ્રહ' (પ્રકાશકઃ 'રચના' પરીવાર, રાજકોટ,
મુખ્ય વીક્રેતાઃ પ્રવીણ પુસ્તક ભંડાર, મ્યુ.કોર્પો. સામે, ઢેબર રોડ, રાજકોટ-૩૬૦૦૦૧
ફોનઃ (૦૨૮૧): ૨૨૩૨૪૬૦, ૨૨૩૪૬૦૨, મુલ્ય- રુપીયાઃ ૫૫ , પ્રથમ આવૃત્તીઃ ૨૦૦૫,
પુનઃ મુદ્રણ-૨૦૦૫)માંથી સાભાર...

'સન્ડે ઈ-મહેફીલ' -- વર્ષ : ત્રીજું -- અંક : 138 – –January 27, 2008
'ઉંઝાજોડણી'માં અને 'વીજયા' ફોન્ટમાં સાભાર અક્ષરાંકન : સુનીલ શાહ sunras2226@yahoo.co.in



## સર્જક પરીચય

સને ૧૯૭૯માં જન્મેલા રાજકોટના આ યુવા કવી શ્રી. રાજેશ મહેતા પ્રાથમીક શાળાના શીક્ષક છે. કાવ્ય સર્જનક્ષેત્રે પોતાની આગવી રીતે તેઓ ગઝલ અને ગીતો બન્નેમાં માહેર અને

ગતીશીલ છે. તે ઉપરાંત તેઓ નવલીકા, બાળવાર્તા પણ લખે છે. એમની કૃતીઓ સાહીત્યીક સામયીકોમાં પ્રગટ થતી રહે છે. આકાશવાણી અને દુરદર્શન પર પણ તેઓ કાર્યક્રમો આપે છે.

--મનસુખ નારીયા અને ઉત્તમ ગજ્જર

-ગઝલ-સંપાદનની જવાબદારી સ્વીકારવા બદલ સુરતના આચાર્ય-કવી મીત્ર શ્રી. મનસુખ નારીયા (145-શીવશંકર પાર્વતી સોસાયટી, ભાતની વાડી, વરાછા રોડ, સુરત-395 006 ફોન : 0261-254 5772 મોબાઈલ : 94268 12273 ઈ-મેઈલ : vu2mnariya@gmail.com)નો અને અક્ષરાંકન માટે સુરતના શીક્ષક મીત્ર સુનીલ શાહનો દીલથી આભાર..ઉત્તમ ગજ્જર..)

શુક્રવાર ૧૩મી જાન્યુઆરી ૨૦૦૬ના દીને મુંબઈ ખાતે ગુજરાતીલૅક્સીકૉનના થયેલા પ્રથમ લોકાર્પણને **બે વરસ** પુરાં થયાં. આ બે વરસમાં **6,45,500** જેટલા ભાષાપ્રેમીઓએ અત્યાર સુધીમાં http://www.gujaratilexicon.com લૅક્સીકૉનની મુલાકાત લીધી. આપને અને આપ મારફત આપના મીત્રોને પણ લૅક્સીકૉનની આ નવી interfaceની મુલાકાત લેવાનું નીમંત્રણ છે. વીશ્વનાં કરોડો ગુજરાતી ભાઈ–બહેનો સુધી આ સંદેશો પહોંચાડવામાં સહાય કરી, આપને પણ ગુજરાતી ભાષાની અમુલ્ય સેવાના પુણ્યના અધીકારી બનવા વીનંતી.

***વપરાશકારોના મળેલાં મુલ્યવાન સુચનો અનુસાર અમે*** http://www.gujaratilexicon.com ***ના ઉઘડતે પાને જ અમારું 'સરસ ગુજરાતી સ્પેલચેકર' આકૃતી સાથે ડાઉનલોડ લીંક જોડી મુક્યું છે. આપ તે ડાઉનલોડ કરો અને તેની ક્ષમતા ચકાસી સુચનો મોકલો એવી વીનંતી કરીએ છીએ.***

આપ સૌના સહયોગ થકી સન્ડે ઈ–મહેફીલના **8,100** જેટલા વાચકો થયા અને રોજેરોજ નવાં નામો ઉમેરાતાં જાય છે એ પુરવાર કરે છે કે, દેશવીદેશમાં ગુજરાતી વાચનના રસીયા બહુ મોટી સંખ્યામાં છે.

સૌનો આભાર..અમારી સન્ડે ઈ–મહેફીલની અત્યાર સુધીની જુની સઘળી પીડીએફ ફાઈલો અમારી વેબસાઈટ http://gujaratilexicon.com/index.php?action=downloadSeM પરથી સરળતાથી ડાઉનલોડ થઈ શકશે. આ જ વેબ સાઈટ પરથી લૅક્સીકૉન અને શ્રી વીપુલ કલ્યાણી તરફથી લંડનથી પ્રકાશીત થતા 'ઓપીનીયન' માસીકના કેટલાક નમુનાના અંકોની અને શ્રી. પ્રવીણ વાઘાણી (મેલ્બોર્ન–ઓસ્ટ્રેલીયા) તરફથી પ્રકાશીત થતા 'માતૃભાષા' માસીકની મુલાકાતે પણ જઈ શકાશે..


•

*આપણને લોકશાસન મળ્યું છે ખરું; પરંતુ આપણે લોક નથી - આપણે તો બધા એક ટોળું છીએ. કોઈ ચોક્કસ હેતુસર વસેલો હોય તે સમાજ કહેવાય અને સૌ પોતપોતાના જ હેતુ લઈને ભેગા થયા હોય તે ટોળું કહેવાય; આપણે આજે એવું ટોળું છીએ.*-રવીશંકર વ્યાસ (મહારાજ)

('અરધી સદીની વાચનયાત્રા' ભાગ-૨ પાન ૫૪૧ ઉપરથી સાભાર..)

•••

## ● મધુરેણ સમાપયેત્ ●




પેન્સીલ્વેનીયા-અમેરીકામાં વસેલા અમદાવાદી કાર્ટુનીસ્ટ **શ્રી. મહેન્દ્રભાઈ શાહ**નો
ઈ-મેઈલ સંપર્ક : mahendraaruna@msn.com
એમનો પરીચય પામવા અને એમનાં ખુબ બધાં કાર્ટુન્સ માણવા જુઓ એમની
web site : www.ameamericanamdavadi.com


'સન્ડે ઈ-મહેફીલ' -- વર્ષ : ત્રીજું -- અંક : **138 – –January 27, 2008**
'ઉંઝાજોડણી'માં અને 'વીજયા' ફોન્ટમાં સાભાર અક્ષરાંકન : સુનીલ શાહ **sunras2226@yahoo.co.in**


### *બીજો રંગ*

*જહાંગીર બાદશાહ એક વખત ઝરુખામાં બેઠા હતા. તે વખતે એક ઘોડેસવાર માથે સુંદર ફેંટો પહેરીને જતો હતો.બાદશાહને ફેંટાનો રંગ બહુ ગમી ગયો. તેણે ઘોડેસવારને બોલાવ્યો અને પુછ્યું, "તેં તારો ફેંટો ક્યાં રંગાવ્યો છે?" જવાબમાં ઘોડેસવારે એક રંગરેજ બાઈનું ઠેકાણું બતાવ્યું. બાદશાહે તે બાઈને બોલાવીને પુછ્યું, "તું મને આવા રંગનો ફેંટો બનાવી આપે?" બાઈએ કહ્યું, "ઝીણી મજલીન લાવી આપો તો રંગી તો આપું; પણ એના જેવો તો રંગ નહીં જ થાય."*

*બાદશાહ : "કેમ નહીં થાય?"*

*બાઈ : "કારણ કે તેના પર તો બેવડા રંગ ચડેલા છે."*

*બાદશાહ : "મારા ફેંટાને ચાર વખત રંગજે."*

*બાઈ : "બેવડા રંગ માત્ર તોલમાપથી નાખેલા તે નહીં. તેમાં એક રંગ તો જે દેખાય છે તે - અને બીજો રંગ તે આશકીનો. આશકીનો રંગ બધા પર ન ચડે."*

-રવીશંકર વ્યાસ (મહારાજ)
('અરધી સદીની વાચનયાત્રા' ભાગ-૨ પાન ૬૦૭ ઉપરથી સાભાર..)

◆●◆